# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-07-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

****************************************************

1) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રહ્મોસ મિસાઇલના નોંધપાત્ર પ્રદર્શનને કારણે વિદેશોમાં તેની માંગ વધી છે.

2) વિદેશ રાજ્યમંત્રી પબિત્રા માર્ગેરિટાએ આસિયાન ભારતની એક્ટ ઇસ્ટ નીતિ અને ઇન્ડો-પેસિફિક દ્રષ્ટિકોણનો પાયો હોવાનું જણાવી કહ્યુ કે, તેની એકતાને સમર્થન આપીએ છીએ.

3) રેલવે વિભાગે મુસાફરોની સુરક્ષા વધારવા માટે ટ્રેનોના તમામ કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લીધો છે

4) કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નકલી અને હલકી ગુણવત્તાવાળા ખાતરોના પુરવઠા અંગે તાત્કાલિક અને કડક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

5) એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ચોથા દિવસે ભારત સામે ઇંગ્લેન્ડની 165 રનની સરસાઈ

...............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# RAJNATH-BRAHMOS MISSILE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રહ્મોસ મિસાઇલે નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. ઓપરેશન સિંદૂર બાદ વિદેશોમાં બ્રહ્મોસ મિસાઇલની માંગ વધી છે. તેમના સંસદીય મતવિસ્તાર લખનઉમાં નેશનલ પીજી કોલેજ ખાતે ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંદ્રભાનુ ગુપ્તાની પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ શ્રી સિંહે કહ્યું કે 14 દેશોએ બ્રહ્મોસ મિસાઇલ અંગે પૂછ્યું છે અને આ લખનઉથી તે દેશોમાં મોકલવામાં આવશે. જેનાથી રાજ્યમાં રોજગારની તકો વધશે.

(બાઈટ – રાજનાથ સિંહ)

તેમના સંસદીય મતવિસ્તારની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે શ્રી સિંહે કહ્યું કે ઉત્તરપ્રદેશ દેશના રાજકારણના મુખ્ય કેન્દ્રોમાંનું એક છે. આ રાજ્ય દેશની દિશા નક્કી કરે છે. ઘણા રાજકારણીઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓ ઉત્તરપ્રદેશમાં જન્મ્યા હતા અને તેઓ દેશને નવી ઊંચાઈઓ પર લઈ ગયા હતા. શ્રી ચંદ્રભાનુ ગુપ્તા તેમાંથી એક છે જેમણે રાષ્ટ્રને માર્ગ બતાવ્યો છે. આ પ્રસંગે , કેન્દ્રીય મંત્રીએ ભૂતપૂર્વ મુખ્યમંત્રીના માનમાં એક ટપાલ ટિકિટ પણ બહાર પાડી.

રાજ્યની વર્તમાન યોગી આદિત્યનાથ સરકારની પ્રશંસા કરતા શ્રી સિંહે કહ્યું કે આજે ઉત્તરપ્રદેશ કાયદો અને વ્યવસ્થા માટે જાણીતું છે. તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ રાજ્યના વિકાસ અને દેશની પ્રગતિમાં યોગદાન આપી રહ્યા છે.

. . .

# PREZ ODISHA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલથી ઓડિશાના ભુવનેશ્વર અને કટકની બે દિવસની મુલાકાતે જશે. તેઓ ભુવનેશ્વરમાં ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના પાંચમા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. મંગળવારે રાષ્ટ્રપતિ મુર્મુ રાવેનશો યુનિવર્સિટીના 13મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે અને કટકમાં રાવેનશો ગર્લ્સ હાઇસ્કૂલની ત્રણ ઇમારતોના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કરશે. તેઓ આદિ કવિ સરલા દાસની જન્મજયંતિ સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે અને કલિંગ રત્ન એવોર્ડ-2024 એનાયત કરશે.

. . . . . . . .

# MoS MEA ASEAN

વિદેશ રાજ્યમંત્રી પબિત્રા માર્ગેરિટાએ આજે જણાવ્યું હતું કે આસિયાન ભારતની એક્ટ ઇસ્ટ નીતિ અને ઇન્ડો-પેસિફિક દ્રષ્ટિકોણનો પાયો છે અને ભારત આસિયાનની એકતા અને આસિયાન કેન્દ્રિયતાને મજબૂત રીતે સમર્થન આપે છે.

કુઆલાલંપુરમાં આસિયાન-ભારત વિદેશ મંત્રીઓની બેઠકમાં તેમના પ્રારંભિક સંબોધનમાં તેમણે કહ્યું કે ઇન્ડો-પેસિફિક પર આસિયાન આઉટલુક અને ભારતના ઇન્ડો-પેસિફિક મહાસાગર પહેલ વચ્ચેનો તાલમેલ આ ક્ષેત્ર માટે શુભ સંકેત આપે છે. તેમણે કહ્યું કે ભારત આસિયાન-નેતૃત્વ હેઠળના મિકેનિઝમ્સને જે પ્રાથમિકતા આપે છે તે રાજકીય-સુરક્ષા, આર્થિક અને સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રોમાં વ્યવહારુ સહયોગમાં પ્રતિબિંબિત થાય છે.

. . . . . . . . .

# REV PM CONDOLENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીઢ તેલુગુ અભિનેતા કોટા શ્રીનિવાસ રાવના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પીઢ તેલુગુ અભિનેતાનું આજે હૈદરાબાદ સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું. તેઓ ૮૩ વર્ષના હતા. તેમના સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે તેમને તેમની સિનેમેટિક શ્રેષ્ઠતા અને બહુમુખી પ્રતિભા માટે યાદ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી રાવે તેમના ઉત્કૃષ્ટ અભિનયથી પેઢી દર પેઢી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા. તેઓ સમાજ સેવામાં પણ આગળ હતા. તેમણે ગરીબો અને વંચિતોને સશક્ત બનાવવા માટે કામ કર્યું.

........

# GOA-IIT

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી- IIT ગોવાનો આજે પોંડા સ્થિત રાજીવ ગાંધી કલા મંદિર ખાતે છઠ્ઠો દીક્ષાંત સમારોહ યોજાયો હતો.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન વર્ચ્યુઅલી મુખ્ય અતિથિ તરીકે આ કાર્યક્રમમાં જોડાયા હતા. દીક્ષાંત સમારોહમાં 140 બી.ટેક અને 13 એમ.ટેક વિદ્યાર્થીઓ અને 15 પીએચડી વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંતે જણાવ્યું હતું કે IIT એ દેશના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને એન્જિનિયરો આધુનિક ભારતના નિર્માતા છે. તેમણે 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના ભારતના મિશન પર ભાર મૂક્યો હતો અને 2037 સુધીમાં ગોવાની વિકસિત રાષ્ટ્ર બનવાની આશા વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને વર્ચ્યુઅલી દીક્ષાંત સમારોહને સંબોધતા સ્નાતકોને અભિનંદન આપ્યા હતા અને IIT ગોવાની ઝડપી પ્રગતિની પ્રશંસા કરી હતી.

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------

# RAILWAY - CCTV CAMERA

રેલવે વિભાગે મુસાફરોની સુરક્ષા વધારવા માટે ટ્રેનોના તમામ કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લીધો છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્ય મંત્રી રવનીતસિંહ બિટ્ટુએ રેલવે એન્જિન અને કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાની પ્રગતિની સમીક્ષા કરી છે. કોચમાં કેમેરા લગાવવાથી મુસાફરોની સુરક્ષા વ્યવસ્થામાં સુધારો થશે. જેનાથી ગુનેગારોને ઓળખવામાં મદદ મળશે. મુસાફરોની મર્યાદાને ધ્યાનમાં રાખી કેમેરા કોચના દરવાજા પાસે લગાવાશે.

શ્રી વૈષ્ણવે તમામ 74 હજાર કોચ અને 15 હજાર રેલવે એન્જિનમાં સીસીટીવી કેમેરા લગાવવાની મંજૂરી આપી છે. દરેક કોચમાં ચાર ડોમ પ્રકારના સીસીટીવી કેમેરા અને રેલવે એન્જિનમાં છ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ ઉચ્ચ ગુણવત્તાવાળા ઉપકરણો લગાવવા પર ભાર મૂક્યો. તેમણે અધિકારીઓને એઆઈનો ઉપયોગ કરવા પણ અપીલ કરી.

. . . . . . .

# CENTRE – FERTILIZER

કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નકલી અને હલકી ગુણવત્તાવાળા ખાતરોના પુરવઠા અંગે તાત્કાલિક અને કડક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે આ સંદર્ભમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓને પત્ર લખ્યો છે. કૃષિ મંત્રીએ કહ્યું કે ખાતરની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્યોની છે. શ્રી ચૌહાણે રાજ્યોને ગુનેગારોના લાઇસન્સ રદ કરવા અને FIR નોંધવા પણ કહ્યું છે.

.....

# J&K-AMARNATH YATRA-ACCIDENT

જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લામાં શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ત્રણ બસો વચ્ચે ટક્કર થતાં ઓછામાં ઓછા 13 અમરનાથ યાત્રાળુઓ ઘાયલ થયા છે. આ બધા યાત્રાળુઓ મધ્યપ્રદેશના રહેવાસી છે અને ગાંદરબલ જિલ્લામાં બાલતાલ બેઝ કેમ્પ જઈ રહ્યા હતા.

કુલગામ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક સાહિલ સરંગલે આકાશવાણીને જણાવ્યું હતું કે આ અકસ્માત ટાચલુ વિસ્તારમાં થયો હતો જ્યારે એક બસે કાબુ ગુમાવ્યો અને બે અન્ય બસો સાથે ટકરાઈ ગઈ. ઘાયલોને તાત્કાલિક કૈમોહ હોસ્પિટલ અને બાદમાં અનંતનાગની સરકારી મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મોટાભાગના યાત્રાળુઓને નાની ઈજાઓ થઈ છે અને તેમની હાલત સ્થિર છે. બે યાત્રાળુઓને માથામાં ઈજા થઈ છે અને તેમને ખાસ સારવાર આપવામાં આવી રહી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સારવાર બાદ , યાત્રાળુઓને બીજા વાહનમાં બાલતાલ બેઝ કેમ્પ મોકલવામાં આવ્યા છે જેથી તેઓ પવિત્ર ગુફાની યાત્રા પૂર્ણ કરી શકે. દરમિયાન , જમ્મુ અને કાશ્મીર પોલીસે અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે.

. . . . . .

# TEST CRICKET

ક્રિકેટમાં, યજમાન ઇંગ્લેન્ડે આજે લોર્ડ્સ ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ચોથા દિવસે ભારત સામે પોતાની બીજી ઇનિંગ ફરી શરૂ કરી. છેલ્લા અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડે 6 વિકેટ ગુમાવી 165 રનની સરસાઈ મેળવી છે. ગઈકાલે ત્રીજા દિવસની રમતના અંતે ઇંગ્લેન્ડે કોઈ વિકેટ ગુમાવ્યા વિના 2 રન બનાવ્યા હતા. ભારત અને ઇંગ્લેન્ડ પોતાના પ્રથમ દાવમાં 387 રનમાં ઓલઆઉટ થયા હતા. પાંચ મેચની ટેસ્ટ શ્રેણી હાલમાં 1-1 થી બરાબર છે.

. . . . . . . . . .

# AUSTRALIA MAITRI GRANTS

ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગે આજે આ વર્ષના મૈત્રી અનુદાન, ફેલોશિપ અને સ્કોલરશિપના 34 પ્રાપ્તકર્તાઓની જાહેરાત કરી.

આ અનુદાનનો હેતુ ઓસ્ટ્રેલિયા-ભારત સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે. એક અખબારી યાદીમાં તેમણે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયા-ભારત રિલેશન્સ સેન્ટર દ્વારા સંચાલિત મૈત્રી અનુદાનનો હેતુ ટેકનોલોજી, વેપાર, શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં ભારત સાથે વધુ વિનિમય અને સહકારને પ્રોત્સાહન આપવાનો છે. શ્રી વોંગે કહ્યું કે ઓસ્ટ્રેલિયા અને ભારતના સંબંધો પહેલા કરતા વધુ ગાઢ છે. તેમણે કહ્યું કે બંને દેશો સંરક્ષણ, વેપાર, શિક્ષણ અને ટેકનોલોજી સહિતના પ્રાથમિકતા ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવી રહ્યા છે જે બંને દેશોના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ છે.

. . . . . . . . .

# GST COLLECTIONS

ભારતમાં છેલ્લા દસ વર્ષમાં કુલ પ્રત્યક્ષ કર વસૂલાતમાં 274 ટકાનો વધારો થયો છે. નાણા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે કર વિભાગ દ્વારા આપવામાં આવેલા રિફંડમાં 2013-2014 અને ૨૦૨૪-૨૫ વચ્ચે 474 ટકાનો વધારો થયો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન કરદાતાઓની સંખ્યામાં એકસો તેત્રીસ ટકાનો વધારો થયો છે.

કરવેરા રિફંડ જારી કરવાનો સરેરાશ સમય 2013માં 93 દિવસથી ઘટીને 2024માં માત્ર 17 દિવસનો થઈ ગયો છે. છેલ્લા દાયકામાં કર વહીવટમાં આ ફેરફાર સંપૂર્ણપણે ઓનલાઈન ફાઇલિંગ અને ફેસલેસ એસેસમેન્ટ સહિત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપનાવવાને કારણે છે. આ સુવિધાઓએ આવકવેરા રિટર્નની પ્રક્રિયાને વધુ સચોટ અને ઝડપી બનાવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રી-ફિલ્ડ રિટર્નની રજૂઆત , ઓટોમેટેડ રિફંડ પ્રક્રિયા, સચોટ સમયસર TDS ગોઠવણ અને ઓનલાઈન ફરિયાદ નિવારણ પદ્ધતિ જેવી સુવિધાઓએ વિલંબ ઘટાડવા અને કરદાતાઓના અનુભવને સુધારવામાં ફાળો આપ્યો છે.

. . . . . .